# મૌની અમાસે કરોડો શ્રદ્ધાળુઓનું પવિત્ર સ્નાન

## ભારે ભક્તિપૂર્ણ માહોલમાં વહેલી સવારથી શાહી સ્નાન : સૌથી પહેલા સવા પાંચ વાગે અટલ, મહાનિર્વાની અને આનંદ અખાડાના સંતો સ્નાનમાં જોડાયા



અલ્હાબાદ, તા.૧૦

અલ્હાબાદમાં ચાલી રહેલા મહાકુંભ મેળાના ભાગરૂપે મકરસંક્રાંતિ બાદ આજે મોની અમાસના પવિત્ર પ્રસંગે ત્રણ કરોડથી પણ વધુ લોકોએ શાહી સ્નાનમાં ભાગ લીધો હતો. કરોડો લોકોએ તીવ્ર ઠંડી હોવા છતાં પવિત્ર સ્નાન કર્યું હતું. આની સાથે જ એક નવો રેકોર્ડ સર્જાયો હતો. સરકારી કંટ્રોલ રૂમ દ્વારા માહિતીમાં જણાવાયું છે કે સવારે ૮ વાગ્યા સુધીમાં જ બે કરોડથી વધુ લોકો પવિત્ર સ્નાન કરી ચૂક્યા હતા. સૌથી પહેલાં સવા પાંચ વાગે અટલ, મહાનિર્વાની, નિરંજની અને આનંદ અખાડા સાથે સંકળાયેલા સાધુ સંતો અને અન્યોએ પવિત્ર સ્નાન કર્યું હતું. ત્યારબાદ જૂના, અગ્નિઆહવાનના લોકોએ સ્નાન કર્યું હતું. ત્રણે બૈરાગી અને ઉદાસીન તથા છેલ્લે નિર્મળ અખાડાના સાધુ-સંતોએ પવિત્ર સ્નાન કર્યું હતું. સંગમમાં ગુજરાતના આદિવાસીઓ પણ મોટી સંખ્યામાં પહોંચ્યા હતા. વિશ્વ હિંદુ પરિષદના કારોબારી પ્રમુખ પ્રવીણ તોગડિયા પણ આહવાન અખાડાની સાથે પવિત્ર સ્નાન કરવા માટે પહોંચ્યા હતા. વહેલી સવારથી જ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. શાહી સ્નાનના ભાગરૂપે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. સંગમના વિસ્તારમાં બ્લેક કમાન્ડો ગોઠવી દેવામાં આવ્યા હતા. ગઈકાલે સંસદ પર હુમલાના અપરાધી અફઝલ ગુરુને ફાંસી આપવામાં આવ્યા બાદ કુંભમાં કોઈપણ પ્રકારની ખલેલ ત્રાસવાદીઓ ઊભી ન કરી શકે તે માટે સઘન સુરક્ષા રાખવામાં આવી હતી. સંગમ નગરીમાં હેલિકોપ્ટર મારફતે પણ નજર રાખવામાં આવી હતી. સ્નાનના એક દિવસ પહેલાં જ જિલ્લાથી લઈને મેળા ક્ષેત્ર સુધી સાત સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જેમાંથી પસાર થઈને શ્રદ્ધાળુઓ સંગમ સ્થળે પહોંચ્યા હતા. પોલીસ, પીએસી અને અર્ધલશ્કરીદળના જવાન ચારે બાજુ નજરે પડ્યા હતા. આ ઉપરાંત અન્યત્ર વિસ્તારોમાં પણ સુરક્ષા જવાનો તૈનાત રહ્યા હતા. શાસ્ત્રીપુર, સંગમ નોઝ અને અન્ય સંવેદનશીલ વિસ્તારોમાં બ્લેક હોક, બ્લેક કેટ અને કોબરા કમાન્ડો તૈનાત રહ્યા હતા. ઈન્ટલિજન્સ એજન્સીઓ તરફથી ગઈકાલે ચેતવણી આપવામાં આવ્યા બાદ સાવચેતીના પગલાં લેવામાં આવ્યા હતા. સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં લઈને અર્ધલશ્કરીદળની ૬૦ હતી જે પૈકી ૩૦ કંપનીઓ મેળા ક્ષેત્રમાં આપવામાં આવી હતી જ્યારે અન્ય ૧૫ કંપની જિલ્લામાં તેનાત કરવામાં આવી હતી. ૧૦ કંપનીઓને રેલવે સ્ટેશનની સુરક્ષામાં લગાવામાં આવી હતી. અન્ય પાંચ કંપનીઓ પડોશી જિલ્લામાં તૈનાત કરવામાં આવી હતી. આવી જ રીતે ૬૦ કંપની પીએસીની જિલ્લા, રેલવે અને મેળામાં સુરક્ષા માટે ગોઠવવામાં આવી હતી. એનડીઆરએફની બે કંપનીઓ પૈકી એક મેળા ક્ષેત્રમાં અને બીજી ૨૫૦૦ પોલીસ કર્મીઓની ટીમમાં રહી હતી. શંકાસ્પદો ઉપર નજર રાખવા માટે શહેરમાં ૪૩ અને મેળા ક્ષેત્રમાં ૬૫ વોચ ટૉવર બનાવવામાં આવ્યા હતા. રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ ખાતે ૩૦ સીસી ટીવી કેમેરા રાખવામાં આવ્યા હતા જ્યારે મેળા ક્ષેત્રમાં ૬૫ સીસી ટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા હતા. આ તમામ સુરક્ષા વ્યવસ્થા આવતીકાલે સોમવારે રાત સુધી અમલમાં રહેશે.

### કુંભ શાહી સ્નાનની સાથે સાથે

મકરસંક્રાંતિ બાદ મૌની અમાસના દિવસે આજે કરોડોની સંખ્યામાં શ્રદ્ધાળુઓએ શાહી સ્નાનમાં ભાગ લીધો હતો. વહેલી પરોઢથી લોકો જુદા જુદા ગાટ ઉપર પવિત્ર સ્નાન માટે પહોંચ્યા હતા. કુંભમાં શાહી સ્નાનની સાથે સાથેનો ઘટનાક્રમ નીચે મુજબ છે.

- મોની અમાસના દિવસે બીજા શાહી સ્નાનમાં શ્રદ્ધાળુઓનો ઘસારો
- સવારે આઠ વાગ્યા સુધીમાં જ બે કરોડથી વધુ શ્રદ્ધાળુઓ દ્વારા પવિત્ર સ્નાન
- સ્નાન કરનાર શ્રદ્ધાળુઓના આંકડામાં નવો રેકોર્ડ
- તમામ જગ્યાઓએ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી
- સૌથી પહેલા સવારે સવા પાંચ વાગે અટલ, મહાનિર્વાની અને નિરંજની તેમજ આનંદ અખાડાના સાધુ-સંતો સ્નાનમાં જોડાયા
- જૂના, અગ્નિ આહવાન અખાડાના સંતો પણ ત્યારબાદ સ્નાન માટે નિકળ્યા
- છેલ્લે ઉદાસીન અને અંતમાં નિર્મળ અખાડાના શ્રદ્ધાળુ જોડાયા
- ગુજરાતના આદિવાસી લોકો પણ સ્નાન માટે પહોંચ્યા
- વિહિપના કારોબારી પ્રમુખ પ્રવિણ તોગડિયા પણ આહવાન અખાડાની સાથે પવિત્ર સ્નાન માટે પહોંચ્યા
- ઈન્ટલિજન્સ અહેવાલ બાદ શાહી સ્નાન અને સંગમ ખાતે બ્લેક કેટ કમાન્ડો ગોઠવાઈ ગયા
- સંગમ નગરી ઉપર હેલિકોપ્ટર મારફતે ચાંપતી નજર રાખવામાં આવી
- સ્નાનથી પહેલા જિલ્લાથી લઈને મેળા સુધી સાત સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવાઈ
- પોલીસ, પીએસી અને અર્ધલશ્કરી દળના જવાન ચારે બાજુ ગોઠવાઈ ગયા
- શાસ્ત્રીપુલ, સંગમ નોઝ અને અન્ય સંવેદનશીલ વિસ્તારો પર બ્લેક હોક, બ્લેક કેટ અને કોબરા કમાન્ડો ગોઠવી દેવાયા
- સુરક્ષાને મજબૂત રાખવા અર્ધલશ્કરીદળની ૬૦ કંપનીઓ તૈનાત કરાઈ
- અર્ધલશ્કરીદળની ૩૦ કંપનીઓ મેળા ક્ષેત્રમાં ગોઠવી દેવાઈ
- રેલવે, બસ સ્ટેન્ડ ઉપર શંકાસ્પદો ઉપર નજર રાખવા ૩૦ સીસી ટીવી કેમેરા ગોઠવી દેવાયા
- મેળા ક્ષેત્રમાં ૬૫ સીસીટીવી કેમેરા ગોઠવી દેવાયા
- બીજા જિલ્લાઓના ૨૫૦૦ પોલીસ કર્મીઓ પણ ગોઠવી દેવાયા
- શહેરમાં ૪૩ અને મેળા ક્ષેત્રમાં ૬૫ વોચ ટાવર ગોઠવી દેવાયા

## સોનિયા ગાંધીની કુંભ યાત્રા આખરે રદ કરી દેવા નિર્ણય

અલહાબાદ, તા.૧૦

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ મહાકુંભની તેમની સુચિત યાત્રાને રદ કરી દીધી છે. યાત્રાને રદ કરવા માટે કોઈ કારણ આપવામાં આવ્યું નથી. પરંતુ એમ માનવામાં આવે છે કે, સુરક્ષાના કારણોસર ઉત્તરપ્રદેશની અખિલેશ સરકાર તરફથી સહકાર નહીં મળવાને કારણે સોનિયા ગાંધીના કાર્યક્રમને રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉત્તર પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા કિશોર વાસ્ણેય આજે કહ્યું છે કે, મોડી રાત્રે આ સુચના મળ્યા બાદ અમે નિરાશ થઈ ગયા છે. એવી માહિતી મળી છે કે, અખિલેશ સરકારે સોનિયા ગાંધીની સુચિત યાત્રાના સંબંધમાં પુરતી સુરક્ષા ઉપલબ્ધ કરાવવા સામે અસમર્થતા દર્શાવી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, રાજ્ય સરકાર તરફથી આ પ્રકારની અપેક્ષા રાખવામાં આવી ન હતી. કુંભ મેળાને ધ્યાનમાં લઈને સોનિયા ગાંધીની યાત્રા નક્કી કરવામાં આવી હતી. પરંતુ હાલમાં કુંભ મેળામાં મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. જેના કારણે સોનિયા ગાંધીને પુરતી સુરક્ષા આપવાના સંબંધમાં રાજ્ય સરકારે ઉદાસીનતા દર્શાવી હતી. સોનિયા ગાંધી છેલ્લા એક સપ્તાહથી પોતાની યાત્રાની યોજના બનાવી રહ્યા હતા. રાજ્ય સરકારના જવાબની રાહ જોવામાં આવી રહી હતી. આખરે રાજ્ય સરકારે આની સામે વાંધો ઉઠાવ્યો છે. પક્ષના પ્રવક્તાએ કહ્યું છે કે, રાજ્ય સરકારના ઈરાદા સ્પષ્ટ દેખાઈ રહ્યા નથી.

કારણકે, કુંભ માટે આપવામાં આવેલી રકમનો સરકાર ઉપયોગ કરવામાં સફળ રહી નથી. આ રકમનો ઉપયોગ પોતાના પ્રચાર માટે કરવામાં આવી રહ્યો છે. જો કે, આ વખતે દેશમાં વધી ગયેલી સુરક્ષા ચિંતાઓને ધ્યાનમાં લઈને યોગ્ય નિર્ણય લેવાયો હોવાનો મત પણ કોંગ્રેસના કેટલાક નેતાઓ વ્યક્ત કરી રહ્યા છે.

### સુરેશ રૈનાની મેન ઓફ ધ મેચ તરીકે પસંદગી

## ઇરાની ટ્રોફીમાં રેસ્ટ ઓફ ઈન્ડિયા-મુંબઈની મેચ ડ્રો

મુંબઈ,તા.૧૦

મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી મુંબઈ અને રેસ્ટ ઓફ ઈન્ડીયા વચ્ચેની મેચ આજે ડ્રોમાં પરિણમી હતી. પરંતુ પ્રથમ ઈનિંગ્સમાં લીડના આધારે રેસ્ટ ઓફ ઈન્ડિયાએ જીત મેળવવાના સફળતા મેળવી છે. પ્રથમ ઈનિંગ્સમાં રેસ્ટ ઓફ ઈન્ડિયાએ ૫૨૬ રન બનાવ્યા હતા. જેના જવાબમાં મુંબઈની ટીમ પ્રથમ દાવમાં ૪૦૯ રન બનાવી શકી હતી. જીતવા માટેના ૫૦૭ રનના લક્ષ્યાંકનો પીછો કરતા મુંબઈની ટીમે બીજા દાવમાં ચાર વિકેટે ૧૬૦ રન બનાવ્યા ત્યારે મેચને ડ્રો જાહેર કરવામાં આવી હતી. મેન ઓફ ધ મેચ તરીકે સુરેશ રૈનાની પસંદગી કરવામાં આવી હતી. રેસ્ટ ઓફ ઈન્ડીયા હવે ચેમ્પિયન ટીમ બની ગઈ છે. મુંબઈની ટીમે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યો હતો.

ત્યારબાદ રેસ્ટ ઓફ ઈન્ડીયાએ શાનદાર બેટીંગ કરી હતી. રેસ્ટ ઓફ ઈન્ડીયા તરફથી રૈનાએ ૧૩૪ અને વિજયે ૧૧૬ રન ફટકાર્યા હતા. મુંબઈની ટીમ પ્રથમ ઈનિંગ્સમાં ૪૦૯ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. મુંબઈ તરફથી સચિન તેંડુલકરે અણનમ ૧૪૦ રન ફટકાર્યા હતા. આની સાથે જ સચિને સુનિલ ગાવસ્કરના ૮૧ સદીના રેકોર્ડની બરોબરી કરી હતી. રાયડુએ રેસ્ટ ઓફ ઈન્ડિયા તરફથી બીજી ઈનિંગ્સમાં અણનમ ૧૫૬ રન ફટકાર્યા હતા. મુંબઈ સામે જીતવા માટે જંગી પડકાર આવ્યો હતો.

### હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

એક દિવસ નરેન્દ્રએ તેમના તકિયા નીચે એક રૂપિયો છુપાવી દીધો. રામકૃષ્ણજી તે સમયે બહાર ગયા હતા. ઓરડામાં આવી જયારે તે પલંગ પર સુવા ગયા તો એકાએક એવા ઉછળી પડ્યા કે જાણે કોઈ વીંછીએ ડંખ ના માર્યો હોય. જયારે તેમણે પથારી ખંખેરી તો એક રૂપિયાનો સિક્કો નીચે પડ્યો. પાછળથી તેમને ખબર પડી કે આ કામ નરેન્દ્રનું હતું.

રામકૃષ્ણએ નરેન્દ્રની આધ્યાત્મિક ઊંડાઈને જાણી લીધી અને પોતાનું ધ્યાન તેમનાં પર લગાવી દીધું. શ્રી રામકૃષ્ણના આધ્યાત્મિક આકર્ષણે નરેન્દ્રના મનમાં સ્થાન બનાવી લીધું અને તે આ વાસ્તવિક આધ્યાત્મિકતાનો અનુભવ કરવા લાગ્યા, જે રામકૃષ્ણજીની આંખોમાં છલકાતી હતી. આ રીતે નરેન્દ્રનો માનસિક વિરોધ ખતમ થઈ ગયો અને તેમને દિવ્યદર્શનની લાલસાએ પોતાની જાતને સમર્પિત કરી દીધી. નરેન્દ્રએ રામકૃષ્ણને પોતાના ગુરૂ સ્વીકારી લીધા.

૪ જુલાઈ, ૧૯૦૨માં ૩૯ વર્ષની યુવાન ઉંમરમાં કલકત્તાની પાસે બેલુર મઠમાં સ્વામી વિવેકાનંદજીએ અંતિમ શ્વાસ લીધો, પરંતુ પોતાના આ થોડા જીવનકાળમાં જ તેમણે મહાન ઉપલબ્ધીઓ મેળવી લીધી. તેમણે પ્રાચીન ભારતના મોટા ભાગના રાજકારણીઓએ તેમનાં સિધ્ધાંતોમાંથી પ્રેરણા લીધી. હકીકતમાં વિવેકાનંદજી આધુનિક ભારતના પ્રતિપાલક સંત હતા.

## અફઝલ ગુરુને ફાંસી આપીને કોંગ્રેસે એક તીરમાં ઘણાં શિકાર કર્યા

### લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે મારેલો માસ્ટર સ્ટ્રોક દેશ હિત માટે કોંગ્રેસ આકરા નિર્ણયો લેવા પણ તૈયાર

નવી દિલ્હી, તા. ૧૦

અફઝલ ગુરુની ફાંસી આપી દીધા બાદ કોંગ્રેસે એક તીરથી અને શિકાર કર્યા છે. ભ્રષ્ટાચાર અને મોંઘવારી જેવા મુદ્દે સતત સંઘર્ષ કરી રહેલ કોંગ્રેસ સરકારે માત્ર ત્રણ મહિનાના ટૂંકા ગાળમાં કસાબ અને અફઝલને ફાંસી આપીને વિરોધપક્ષો પર વળતો પ્રહાર કરી દીધો છે. કોંગ્રેસે તમામ ટીકા કરનારાઓના મોં પણ બંધ કરી દીધા છે. સાથે સાથે કોંગ્રેસે નિર્ણય લેવાની પોતાની દઢ ઈચ્છા શક્તિ વિશેષ પણ સંકેત આપી દીધો છે. એમ માનવામાં આવી રહ્યું છે કે, હાલના રાજકીય વાતાવરણ અને આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને હવે કોંગ્રેસ કડક નિર્ણય લેવાની સાથે સાથે એક મજબૂત પક્ષ તરીકે સક્ષમ સાબિત થઈ રહી છે.

છેલ્લા છ મહિના દરમિયાન કોંગ્રેસમાં આવેલી સક્રિયતાને કારણે તે લોકોને એવો સંકેત આપવાનો પ્રયાસ કરી રહી છે કે દેશહિત માટે હવે તે કોઈ પણ પ્રકારના કડક પગલા ભરવા માટે તૈયાર છે. કસાબ પછી અફઝલ ગુરુને ફાંસી આપી દીધા પછી કોંગ્રેસે પોતાના તમામ રાજકીય વિરોધીઓનું મોઢું બંધ કરી દીધું છે. જે વિરોધીઓ કોંગ્રેસ પર સતત આતંકવાદ અને આતંકવાદીઓ વિરુદ્ધ નરમ વલણ અપનાવવાનો આક્ષેપ કરતા હતાં.કસાબ અને અફઝલ ગુરુને કારણે બીજેપી સહિત અન્ય રાજકીય પક્ષો પણ હંમેશા કોંગ્રેસ પર પ્રહાર કરતા રહ્યા હતાં. પરંતુ આ બંને કડક અને ગંભીર પગલા લીધા બાદ એક જ ઝાટકે



વિરોધપક્ષના ભાથમાંના તમામ તીર ખાલી કરી દીધા છે.

છેલ્લા કેટલાય સમયથી વિરોધપક્ષ દ્વારા આગામી બજેઠ સત્રમાં સરકાર અને તેના મહત્વપૂર્ણ મંત્રીઓને સંકજામાં લેવાની રણનીતિ બનાવવામાં આવી રહી હતી. ખાસ કરીને જયપુર ચિંતન શિબીરમાં ગૃહમંત્રી શિંદે દ્વારા ભગવા આતંકવાદ અંગેના નિવેદનના કારણે તેમનો બોયકોટ કરવાની તૈયારી કરવામાં આવી રહી હતી. આ પરિસ્થિતિમાં સરકારે આતંકવાદ વિરુદ્ધ કડક પગલા ભરીને વિરોધપક્ષોની રાજકીય ચાલને પરાસ્ત કરી દેવાનો પ્રયાસ કર્યો છે. એ હકીકત છે કે ભગવા આતંકવાદના નિવેદન અને ગેંગરેપના મામલા પર કોંગ્રેસ વ્યવસ્થિત રીતે નિયંત્રણ કરી શકી ન હતી. શિંદે પર મૂકાયેલા આરોપોને હળવા બનાવવા માટે કોંગ્રેસે તેમના દ્વારા જ એ જ ગૃહમંત્રી દ્વારા બીજી ફાંસીની નિર્ણય લેવડાવીને વિરોધપક્ષોની ભાવી રણનીતિ પર સહેલાઈથી પાણી ફેરવી દીધું હતું.

છેલ્લા કેટલાક મહિનામાં કોંગ્રેસે દેશહિતને ધ્યાનમાં રાખીને લીધેલા કેટલાક કડક નિર્ણયો દ્વારા પોતાની દઢ ઈચ્છાશક્તિ પ્રદર્શિત કરી દીધી છે. અત્રે ઉલ્લેખનીય છે કે યુપીએ પર સતત નિર્ણય લેવા માટે અશક્તિમાન હોવાનો આરોપ મુકાતો રહ્યો છે. આ પરિસ્થિતિમાં બદલાતી રાજકીય અને સામાજિક પરિસ્થિતિ તેમજ બદલાતા રાજકીય સમીકરણો વચ્ચે કોંગ્રેસે કેટલાક કડક નિર્ણયો લેવાના પણ સંકેત આપી દીધા છે. એફડીઆઈ સહિત આર્થીક સુધારા સાથે સંકળાયેલ મામલો હોય કે માત્ર ત્રણ મહીનાના ટૂંકા ગાળામાં બે આતંકવાદીઓને ફાંસી આપવાનો મામલો હોય નક્કી કરેલ સમય મર્યાદમાં મહિલાઓની સુરક્ષા વ્યવસ્થા અંગેના કાનૂનમાં વટહુકમ દ્વારા પરિવર્તન કરવાનો પ્રયાસ તમામ મુદ્દે કોંગ્રેસ પોતાની દઢ ઈચ્છા શક્તિનો સંકેત આપી દીધો છે.યુપીએના કાર્યકાળના અંતિમ દોઢ વર્ષમાં કોંગ્રેસે સક્રિયતા દાખવવાની શરૂઆત કરી દીધી છે. કોંગ્રેસનો સ્પષ્ટ હેતુ આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજકીય ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. તેની સક્રિયાતાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે પક્ષે ચૂંટણીને ધ્યાનમાં રાખીને નિર્ણયો અને પ્રવૃત્તિઓને અંતિમ સ્વરૂપ આપવાની શરૂઆત કરી દીધી છે. કસાબ અનેઅફઝલને ફાંસી આપી દીધા બાદ કોંગ્રેસે વિરોધપક્ષોની સાથે સાથે દેશની પ્રજાને પણ એ સંકેત આપવાનો પ્રયાસ કર્યો છે કે કોંગ્રેસ દેશ હિત માટે ગમે તેવા કઠિન નિર્ણયો લેતા અચકાશે નહીં બન્નેની ફાંસી આપવાના સરકારના નિર્ણયથી ભ્રષ્ટાચાર અને મોંઘવારી જેવા મુદ્દે વિરોધપક્ષોના સંકજામાં ઘેરાયેલ સરકારને કેટલાક અંશે રાહત મળી હતી તેમ છે.

## રેલવે યાત્રી ભાડા અને નુરના દરમાં ફરી વધારાની તૈયારી

નવી દિલ્હી,તા. ૧૦

ડીઝલની કિંમતમાં તાજેતરમાં વધારો કરવામાં આવ્યા બાદ રેલવે પર વધારાનો ૩૩૦૦ કરોડ રૂપિયાનો બોજ પડી રહ્યો છે જેથી રેલવે આ બોજને ઘટાડવા માટે રેલવે યાત્રી ભાડામાં વધુ વધારો કરે તેવી શક્યતા છે. રેલવે દ્વારા યાત્રી ભાડામાં વધારો કરવા અથવા તો નૂરના દરમાં વધારો કરી શકે છે.

વિવિધ વિકલ્પો પર ચર્ચા કરવામાં આવી રહી છે. અન્ય વિકલ્પો પર ચર્ચા શરૂ કરવામાં આવતા રેલવેમાં વારંવાર યાત્રા કરતા લોકો પર વધારે બોજ આવે તેવા સંકેત મળી રહ્યા છે. તમામ વર્ગમાં યાત્રી ભાડામાં વધારો કરવા ભાડાના માળખામાં ફરી નજર કરવામાં આવી શકે છે. સુત્રોએ કહ્યું છે કે પ્રતિ કિલોમીટર થોડાક પૈસાનો વધારો કરવામાં આવી શકે છે. રેલવે બજેટ ૨૬મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર છે. રેલવે દ્વારા હાલમાં વર્ષ ૨૦૧૩-૧૪ માટેના રેલવે બજેટ પર ચર્ચા ચાલી રહી છે. આની તૈયારી પણ કરવામાં આવી રહી છે. રાજધાની, દુરોન્ટો અને શતાબ્દી જેવી ટ્રેનોમાં કેટરિંગ ચાર્જમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા છે. ભાડામાં વધારો કરવાની હિલચાલના ભાગરૂપે આને ગણવામાં આવે છે. રેલવે પહેલાથી જ પેસેન્જરના સેગમેન્ટમાં ૨૫૦૦૦ કરોડના નુકસાન હેટળ છે. ૨૨મી ડિસેમ્બરના દિવસે ૨૧ ટકા સુધી યાત્રી ભાડામાં વધારો કરવામાં આવ્યા બાદ એક વર્ષમાં ૬૬૦૦ કરોડની આવક થશે પરંતુ લીટરદીઠ ૧૦.૮ રૂપિયાના વધારાના કારણે ૩૩૦૦ કરોડનો વધારાનો બોજ રેલવે પર આવી ગયો છે. રેલવે પ્રધાન પવન કુમાર બંસલે કહ્યું છે કે બીજી વખત ભાડામાં વધારો કરવામાં આવી શકે ચે. પવન કુમાર બંસલના નિવેદનથી લાગે છે કે રેલવે ભાડામાં નજીવો વધારો કરવામાં આવી શકે છે.

બંસલ વડાપ્રધાન મનમોહનસિંહ અને નાણાંપ્રધાન પીચ ચિદમ્બરમ સાથે વાતચીત કરી ચુક્યા છે. રેલવે પર નાણાંકીય બોજને કઈ રીતે ઘટાડી શકાય તે અંગે વાતચીત કરી ચુક્યા છીએ. જ્યાં સુધી નુરના દરની વાત છે. રેલ્વેદ્વારા ગયા વર્ષે૭મી માર્ચના દિવસેતેમા ૨૦ટકા સુધીનો વધારો કર્યો હતો. વાર્ષિક રીતે ૧૮૦૦૦ કરોડની આવકનું હેતુ રહેલો છે.

## સારવાર માટે વિદેશ જવા સલમાન ખાને નિર્ણય કર્યો

મુંબઈ,તા. ૧૦

બોલિવુડના સુપરસ્ટાર અભિનેતા સલમાનખાને સારવાર માટે હવે વિદેશ જવાનો નિર્ણય કર્યો છે. છેલ્લા ઘણા સમયથી વિદેશ સારવાર માટે જવાની યોજના બનાવી રહ્યો હતો પરંતુ જઈ શક્યો ન હતો. તેના અતિ વ્યસ્ત શુટિંગ કાર્યક્રમ અને શિકાર કેસના કારણે તે વિદેશ જઈ શક્યો ન હતો. પરંતુ હવે તે વિદેશ સારવાર માટે જવાની તૈયારી કરી ચુક્યો છે. કોચીમાં સેલિબ્રિટી ક્રિકેટ લીગ ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા સલમાને કહ્યું



હતું કે તે ભરચક કાર્યક્રમના કારણે જઈ શક્યો ન હતો. કોર્ટમાં પણ મામલો ચાલી રહ્યો છે. પરંતુ હવે તે વધુ સારવાર માટે ચોક્કસપણે વિદેશ જશે. વર્ષ ૧૯૯૮માં રાજસ્થાનમાં શિકાર કેસમાં તે વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન હેઠળ આરોપોનો સામનો તે કરી રહ્યો છે. તેના કેસ અંગે પુછવામાં આવતા સલમાને કહ્યું હતું કે તે આ કેસ અંગે વાત કરવાની સ્થિતીમાં નથી. નર્વ કન્ડીશન બદલ વર્ષ ૨૦૧૧માં સારવાર કરાવી ચુકેલા સલમાન ખાને કહ્યું છે કે તે વધુ સર્જરી કરવા તૈયારીમાં છે. અગાઉ કાર્યક્રમ મુજબ તે જાન્યુઆરીના અંતે વિદેશ જવા ઈચ્છતો હતો. પરંતુ મુંબઈ અને જોધપુરમાં કોર્ટ સુનાવણી હોવાના કારણે જઈ શક્યો ન હતો. સલમાન હાલમાં બોલિવુડના સૌથી લોકપ્રિય સ્ટાર તરીકે છે. તેની તમામ ફિલ્મો બોક્સ ઓફિસ પર ધુમ મચાવી રહી છે. છેલ્લે દબંગ-૨ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી.

## અફઝલને ફાંસી બાદ કાશ્મીરમાં બીજા દિવસોય સંચારબંધી

શ્રીનગર, તા.૧૦

વર્ષ ૨૦૦૧માં ભારતીય સંસદ પર થયેલા ભીષણ ત્રાસવાદી હુમલા કેસમાં મુખ્ય અપરાધી અફઝલ ગુરૂને ગઇકાલે ફાંસી આપી દેવામાં આવ્યા બાદ સતત બીજા દિવસે કાશ્મીર ખીણમાં સંચારબંધી યથાવત રહી હતી. જો કે આજે સંપૂર્ણ શાંતિ રહી હતી.અધિકારી સુત્રોના જણાવ્યા અનુસાર ખીણની અંદર સવારથી લોકોની અવરજવર પર કડક પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. કારણકે, ગઈકાલે સંચારબંધીને કઠોર રીતે અમલી બનાવવામાં આવી હતી.

અફઝલને ગઈકાલે ફાંસીના માંચડે ચઢાવી દેવામાં આવ્યા બાદ કાશ્મીર ખીણની અંદર પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળોની વચ્ચે હિંસક અથડામણ થઇ હતી. અથડામણના કારણે ૨૩ પોલિસકર્મી સહિત ૩૬ લોકો ઘાયલ થઈ ગયા હતા. જેના પગલે કશ્મીરની અંદર બીજા દિવસે પરિસ્થિતિને દયાનમાં રાખી સંવેદનશીલ જગ્યા પર પોલિસકર્મી અને સીઆરપીએફના જવાનોનો કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સતત બીજા દિવસે મોબાઈલ ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી હતી. ઉપરાંત ટીવી ચેનલ પર પ્રસારણ પણ રોક લગાવવામાં



આવી. કર્ફ્યુના કારણે સ્થાનિક બજાર પણ બંધ કરી દેવામાં આવ્યા હતા. સંચારબંધીના કારણે જનજીવન ખોરવાઇ ગયું હતું. સંચારબંધીના કારણે આજે દુકાનો સુધી અખબારો પહોંચી શક્યા ન હતા. મોબાઇલ સેવા બંધ રહેવાના કારણે લોકોને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

### ડોસાડોસી થવું છે કે દાદી? (પાના નં. ૪ નું ચાલુ)

ડોસાડોસી તો ઘણાં હોય છે; પરંતુ દાદાગીરી ઓછાં કરે છે. ડોસાડોસી બનવા માટે બે બાબતો જરૂરી છે. દરેક વાતે ટકટક કરવાની ટેવ સંતાનોને દુશ્મન બનાવે છે. વળી પ્રત્યેક મુદ્દા પર અભિપ્રાય કે સલાહ આપવાની કુટેવ ઘણા વર્ષોને હોય છે. તેઓએ પાછલી ઉંમરની ઉપેક્ષા વેઠવા માટે જુવાનીમાં જ મુડી રોકાણ કરેલું હોય છે.

આજની દુનિયામાં બે શબ્દો કાને અથડાતા જ રહે છે : સૉફટવેર અને હાર્ડવેર. જીવનમાં હાર્ડવેરની બોલબાલા વધી ત્યારે ઘણી સમસ્યાઓ સર્જાય છે. જીવનની રળીયામણું બનાવવા માટે સૉફટવેર અને હાર્ડવેર ઉપરાંત ત્રીજા શબ્દની જરૂર પડે છે : 'લવવેર.' લાખો વર્ષો પર માનવજીવનની શરૂઆત થઈ; તોય હજી માનવજાત બડી નાદાત રહી જવા પામી છે. નાદાનિયતનો સીદોસાદો અર્થ એ જ કે પ્રેમ એટલે શું, તે ન સમજવું.

આવી નાદાનીયતને કારણે જ યુધ્ધ ટક્યું છે. યુધ્ધ એટલે ઉમ્મરલાયક માનવજાતની નાદાનીયત. માનવજાતનું ઘડપણ સ્વસ્થ બને તો યુધ્ધ ટળે. એવું બને તો પ્રત્યેક ઘરમાં દાદાદાદીની પ્રસન્નતા ફરી વળે. પ્રસન્ન વડીલ હોવું એ જેવી તેવી સમ્પ્રાપ્તી નથી.

**પાઘડીનો વળ છેડે :**

બાળક મોટું થઈને ધ્રુમપાન કરશે કે નહીં? આ પ્રશ્નનો જવાબ માબાપ ધ્રુમપાન કરે છે કે નહીં તેના પર ઓછો આધાર રાખે છે; પરંતુ તેના મિત્રો ધુમ્રપાન કરે છે કે નહીં તેના પર વધારે રાખે છે. એક પુસ્તક પ્રગટ થયું છે : "The Nurture Assumption." એની લેખિકા જયુડીશ રીચ હેરીસ ભાર મુકીને કહે છે કે બાળકના ભવિષ્ય પર માતાપિતાની મોટી અસર પડે છે તે વાત ખોટી છે. ખરી અસર મિત્રોની પડે છે. આ બાબતે મોટો વિવાદ જગાડયો છે.

- ડૉ. ગુણવંત શાહ :

**(ગમતી કૃતિનાં કતરણ સંઘરવાનો મને શોખ. ત્યારે 'સંદેશ' દૈનિકની રવિવારીય પુર્તિમાં ગુણવંતભાઇની 'વિચારોના વૃંદાવનમાં' નામે કોલમ ચાલતી. તેમાંથી, ૧૮, ઓકટોબર, ૧૯૯૮ના 'સંદેશ'માં પ્રકાશિત આ મુળ કતરણ હાથે ચડ્યું... તે લેખકની પરવાનગીથી અહીં આપ સૌ માટે આભાર... ઉત્તમ ગજ્જર...)**